BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રૅમ્પટનને નાણાકીય અહેવાલીકરણ માટે બિરદાવવામાં આવ્યું

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (29 એપ્રિલ 2021) – સતત 19માં વર્ષે, સીટી ઓફ બ્રૅમ્પટન દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડાના ગવર્નમેન્ટ ફાઈનાન્સ ઑફિસર્સ એસોસિએશન (GFOA) તરફથી કૅનેડિયન એવૉર્ડ ફોર ફાઇનાન્સિયલ રિપોર્ટિંગ (CAnFR)જીતવામાં આવ્યું.

CAnFR એવૉર્ડ જે સિટીને તેમના 2019 વાર્ષિક નાણાકીય અહેવાલમાટે આપવામાં આવ્યો, તે સરકારના ઉત્તમ હિસાબ અને નાણાકીય અહેવાલીકરણને બિરદાવે છે અને સ્થાનિક સરકાર અને તેના વ્યવસ્થાપનની નોંધપાત્ર સિદ્ધિને સૂચિત કરે છે.

પબ્લિક સેક્ટર એકાઉન્ટિંગ બોર્ડ (PSAB) ઓફ દ ચાર્ટર્ડ પ્રોફેશનલ અકાઉન્ટન્ટ્સ (CPA) ઓફ કૅનેડા દ્વારા સ્થાપિત જનરલી એક્સેપ્ટેડ અકાઉન્ટિંગ પ્રિન્સિપલ્સ (GAAP)ની લઘુતમ જરૂરિયાતો ઓળંગીને અને એક વ્યાપક અને ઉચ્ચ દરજ્જાનો વાર્ષિક નાણાકીય અહેવાલ તૈયાર કરીને બ્રૅમ્પટને CAnFR એવૉર્ડ જીત્યો છે જે પારદર્શિતા અને સંપૂર્ણ ખુલાસાના તત્ત્વ પર આધારિત હતો.

CAnFR એવૉર્ડ પ્રોગ્રામ કૅનેડાના સુધરાઈ પ્રશાસનો ઉચ્ચ ગુણવત્તાના નાણાકીય અહેવાલો પ્રકાશિત કરે તેને પ્રોત્સાહિત કરવા માટે પ્રસ્થાપિત થયો હતો, તેમજ જે સહકાર્યકરો દ્વારા બિરદાવવામાં આવે અને જે અધિકારીઓ આ રિપોર્ટ બનાવતા હોય તેમને તકનિકી માર્ગદર્શન મળે.

વાર્ષિક નાણાકીય અહેવાલને નિષ્પક્ષ કૅનેડિયન રિવ્યુ કમિટીના સભ્યોની કસોટીએ ઉતર્યો હતો જે પ્રોગ્રામના ઉચ્ચ માનકો સાથે મેળ ખાતો હતો, જેમાં સમાવેશ થતું હતું રચનાત્મક "સંપૂર્ણ ખુલાસાનું તત્ત્વ" જેની રચના બ્રૅમ્પટનની નાણાકીય હકિકતોને સ્પષ્ટપણે ઉજાગર કરવા માટે થઈ હતી અને જેનાથી સંભવિત વપરાશકર્તાઓ અને વપરાશકર્તાઓના જૂથો રિપોર્ટ વાંચવા પ્રેરિત થાય.

**સુવાક્યો**

"અમારા કરદાતાઓ અમારી પાસે સંપૂર્ણ પારદર્શિતા અને આદર્શ વિત્તિય પ્રથાઓની અપેક્ષા રાખે છે. નાણાકીય અહેવાલીકરણ માટેનો પ્રતિષ્ઠિત GFOA એવૉર્ડ જીતવાથી અમારી અમારા નાગરિકો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા છતી થાય છે અને અમારી છબીને બળ મળે છે જ્યારે અમે બ્રૅમ્પટનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિવેશોને આકર્ષી રહ્યા છીએ.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"મને તે જણાવવાનું ગૌરવ છે કે બ્રૅમ્પટને પ્રતિષ્ઠિત CAnFR એવૉર્ડ સતત 19 વર્ષ સુધી જીત્યો છે. એવૉર્ડ પ્રોગ્રામની કડક જરૂરિયાતોને પહોંચી વળવા વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સહયોગ આપનારા કર્મચારીઓની નોંધપાત્ર પ્રતિબદ્ધતા આવશ્યક છે."

- હરકિરત સિંઘ, સિટી કાઉન્સિલર, વૉર્ડ 9અને 10, પ્રમુખ, કોર્પોરેટ સર્વિસિસ, સીટી ઓફ બ્રૅમ્પટન

“CAnFR એવૉર્ડ સિટી ઓફ બ્રૅમ્પટન અને તેના વ્યવસ્થાપનની નોંધપાત્ર સિદ્ધિને સૂચિત કરે છે. આ એવૉર્ડ જીતવો એ અમારા કર્મચારીઓ અને શહેરના નાણાકીય અહેવાલમાં ઉચ્ચ ગુણવત્તાવાળા ધોરણો અને પારદર્શિતા અને સંપૂર્ણ ખુલાસાના સિદ્ધાંતોનો પુરાવો છે, જે સારી રીતે ચલાવાતા શહેર બનવાની કાઉન્સિલની પ્રાધાન્યતા સાથે મેળ ખાય છે. ”

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca